## (1) બોંડા આદિજાતી સમુદાય વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ સમુદાય આસામમાં જોવા મળે છે.
(2) તેનો સમાવેશ PVTGમાં થાય છે.
(3) તેઓ ઓસ્ટ્રોએશિયાટીક પ્રજાતિના સભ્યો છે.
(4) તેઓ માતૃપ્રધાન સમાજ ધરાવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ બોંડા સમુદાય ઓડીશામાં જોવા મળે છે. તથા ઓડીશાના **13 PVTG (Particularly Vulnerable Tribal Groups)** પૈકી તે એક છે. (આથી, વિધાન (1) ખોટું છે, જ્યારે વિધાન (2) સાચું છે.)

⇛ ભારતમાં કુલ **75 PVTG** છે.

⇛ બોંડા સમુદાય ઓસ્ટ્રોએશિયાટીક સમૂહના સભ્યો છે. તેઓ **60,000** વર્ષ અગાઉ આફ્રિકામાંથી બહાર સ્થાનાંતરિત થયેલા લોકો છે તેમ માનવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વર્ષો સુધી બાહ્ય ખલેલ ઉપરાંત તેઓએ પોતાની ઓળખ તથા સંસ્કૃતિ જાળવી રાખેલી છે.

⇛ આ સમુદાય માતૃપ્રધાન સમાજ ધરાવે છે. સ્ત્રીઓ સામાન્ય રીતે, તેમનાથી **5-10** વર્ષ નાના પુરુષ સાથે લગ્ન કરવાનું પસંદ કરે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેઓ પોતાની 'રેમો' ભાષામાં વાતચીત કરે છે. આ ભાષા ઓસ્ટ્રોએશિયાટીક છે તથા મુંડારી સમૂહ હેઠળ તેનો સમાવેશ થાય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) હૈદરાબાદના સાંસ્કૃતિક વારસા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ શહેરને 'નિઝામોનું શહેર' કહે છે.

(2) હૈદરાબાદની સ્થાપના મુહમ્મદ અલી હૈદર દ્વારા 1591માં કરવામાં આવી છે.

(3) ગોલકોંડા તથા વાર્નાંગલ કિલ્લા અહીં આવેલાં છે.

(4) અહીં ઔરંગઝેબ દ્વારા મેક્કા મસ્જિદ બનાવવામાં આવેલી છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (1) અને (4)

(C) માત્ર (1), (3) અને (4) (D) માત્ર (1)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં પ્રવાસન મંત્રાલય દ્વારા દેખો અપના દેશ કાર્યક્રમ હેઠળ 'કલ્ચરલ હેરીટેજ ઓફ હૈદરાબાદ' નામનો એક વેબીનાર યોજવામાં આવ્યો હતો.

⇛ હૈદરાબાદને નિઝામોનું શહેર તથા મોતીઓનું શહેર (City of Pearls) પણ કહે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ હૈદરાબાદની સ્થાપના 1591માં મુહમ્મલ કુલી કુતુબ શાહ દ્વારા કરવામાં આવી હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ શહેરના મુખ્ય સાંસ્કૃતિક સ્થળો :

- ગોલકોંડા કિલ્લો : 13મી સદીમાં કાકતિયા વંશ દ્વારા બંધાવવામાં આવ્યો.
- વાર્નાંગલ કિલ્લો : આ કિલ્લો 12મી સદીથી અસ્તિત્વમાં છે. (આથી, વિધાન (3) સાચું છે.)
- ચારમિનાર : આ સ્મારકનું બાંધકામ કુલી કુતુબ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.
- મેક્કા મસ્જિદ : 1693માં ઔરંગઝેબ દ્વારા બનાવવામાં આવી હતી. આ માટેની ઈંટો મેક્કાથી મંગાવવામાં આવી હતી, તેમ માનવામાં આવે છે.
(આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) અવિશ્વાસના પ્રસ્તાવ (નો-કોન્ફીડન્સ મોશન) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ પ્રસ્તાવ સમગ્ર મંત્રી પરિષદ વિરુદ્ધનો હોય છે.
(2) પ્રસ્તાવ દાખલ કરવા માટે કોઈ પ્રાથમિક કારણની જરૂર હોતી નથી.
(3) લોકસભા (અથવા વિધાનસભા)ના 50 સભ્યોનો જ્યારે ટેકો હોય ત્યારે આ પ્રસ્તાવ દાખલ થઈ શકે છે.
(4) બંધારણના અનુચ્છેદ 71માં અવિશ્વાસના પ્રસ્તાવ વિશે માહિતી આપવામાં આવી છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (2)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં કેરળમાં અવિશ્વાસનો પ્રસ્તાવ દાખલ થયો હતો. આ પ્રસ્તાવ પૂરતી બહુમતી ન હોવાથી પસાર થયો ન હતો.

⇛ આ પ્રસ્તાવ લોકસભામાં સમગ્ર મંત્રી પરિષદ વિરુદ્ધ દાખલ કરવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પ્રસ્તાવને દાખલ કરવા માટે કોઈ પ્રાથમિક કારણની જરૂર હોતી નથી. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ પ્રસ્તાવ સત્તામાં રહેલી સરકાર વિરુદ્ધ માત્ર લોકસભામાં નિયમ 198 મુજબ રજૂ કરવામાં આવે છે. આ પ્રસ્તાવ રાજ્યસભામાં રજૂ થઈ શકતો નથી. આજ બાબત રાજ્યમાં વિધાનસભા અને વિધાન પરીષદ માટે લાગુ પડે છે.

⇛ ભારતના બંધારણમાં વિશ્વાસ કે અવિશ્વાસ પ્રસ્તાવ વિશેની કોઈ માહિતી આપવામાં આવી નથી. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ પ્રસ્તાવ દાખલ કરવા માટે લોકસભા (અથવા વિધાનસભા)ના 50 સભ્યોનો ટેકો જરૂરી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) ગ્લાન્ડર્સ (Glanders) રોગ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ રોગ મુખ્યત્વે ગાય–બળદમાં જોવા મળે છે.
(2) આ રોગ મનુષ્યમાં પ્રસરી શકતો નથી.
(3) આ રોગ વાયરસજન્ય છે.
(4) તાવ આવવો, સ્નાયુમાં દુઃખાવો થવો, છાતીમાં દુઃખાવો થવો વગેરે આ રોગના લક્ષણો છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3)
(C) માત્ર (2), (3) અને (4) (D) માત્ર (4)

⇒ **જવાબ :- D**

**સમજૂતી :**

⇒ દિલ્હી હાઈકોર્ટે મ્યુનીસિપલ સંસ્થાઓને આદેશ આપ્યો છે કે, પશુઓમાં ફેલાતાં ગ્લાન્ડર્સ રોગને અટકાવવા માટે યોગ્ય પગલાં ભરે.

⇒ આ એક ચેપી રોગ છે જે **Burkholderia Mallei** નામના બેક્ટેરિયા દ્વારા ફેલાય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ આ રોગ મનુષ્યોમાં પ્રસરી શકે છે. પરંતુ આ રોગ મુખ્યત્વે ઘોડાને થાય છે. ઉપરાંત તે ગધેડા, ખચ્ચર, કૂતરા–બિલાડી જેવાં પશુમાં પણ પ્રસરી શકે છે. (આથી, વિધાન (1) અને (2) ખોટાં છે.)

⇒ આ રોગના મુખ્ય લક્ષણો :

- તાવ આવવો
- સ્નાયુઓમાં દુઃખાવો
- છાતીમાં દુઃખાવો
- સ્નાયુઓમાં જડતા આવવી
- માથું દુઃખવું
- નાકમાંથી પ્રવાહી વહેવું

(આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) કાળા સમુદ્ર (Black Sea) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ સમુદ્ર પૂર્વ યુરોપ અને પશ્ચિમ એશિયાની વચ્ચે આવેલો છે.
(2) ડાન્યુબે (Danube) અને નાઈપર (Dniepr) જેવી નદીઓ આ સમુદ્રમાં ભળે છે.
(3) તુર્કી, યુક્રેઈન, રશિયા, મેસેડોનીયા અને ગ્રીસ આ સમુદ્ર સાથે સરહદ ધરાવે છે.
(4) આ સમુદ્રની પૂર્વ તરફ એગીઅન (Aegean) સમુદ્ર તથા પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર આવેલાં છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં તુર્કીને કાળા સમુદ્રમાં 320 બિલિયન ઘનમીટરનો કુદરતી ગેસનો સ્ત્રોત મળેલો છે. આથી, આ વિસ્તાર ચર્ચામાં છે.

⇛ કાળા સમુદ્રને Euxine સમુદ્ર પણ કહે છે. તે પૂર્વ યુરોપ અને પશ્ચિમ એશિયાની વચ્ચે આવેલો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ સમુદ્ર સાથે સરહદ ધરાવતાં દેશો : રોમાનીયા, તુર્કી, બલ્ગેરીયા, યુક્રેઈન, રશિયા અને જ્યોર્જીયા. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ સમુદ્ર એગીઅન સમુદ્ર મારફતે જ ભૂમધ્ય સમુદ્ર સાથે જોડાય છે. એગીઅન તથા ભૂમધ્ય સમુદ્ર બન્ને આ સમુદ્રની પશ્ચિમ તરફ આવેલાં છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ આ સમુદ્રમાં ભળતી નદીઓ : ડાન્યુબે, નાઈપર, સાઉથર્ન બગ, નીસ્તર/દીનીસ્તર (Dniester), દોન, કુબાન, રીઓની વગેરે. (આથી, વિધાન (2) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT